# કુંભારવાડાની પરિણીતાને વેંચી માર્યાની એસ.પી.ને રજુઆત



(ફોટો : દિપક ઠક્કર)

**કુંભારવાડાની પરણિત મહિલા ગૂમ થતા તેના પરિવાર દ્વારા પડોશી મહિલા ઉપર આરોપ મુકી તેના ગોરખ ધંધાની પોલીસ વડા વી.ચંદ્રશેખરને આફતગ્રસ્ત પરિવારની રજુઆત**

ભાવનગર, ગુરૂવાર

કુંભારવાડામાં રહેતી પરણિત યુવતિનું અપહરણ કર્યા બાદ તેને અનૈતિક ધંધામાં ધકેલી દેવામાં આવી હોવાની ફરિયાદ જિલ્લા પોલીસ વડાને કરવામાં આવી છે.

દિકરીને સાસરે વળાવી દિધા બાદ દરેક બાપ હળવાશ અનુભવતો હોય છે, પરંતુ ક્યારેયક સાસરે ગયેલી દિકરીને લઈને બાપની ઉપર આભ તૂટી પડ્યા જેવી સ્થીતિ સર્જાતી હોય છે, કુંભારવાડામાં બનેલી એક ઘટનામાં વ્યથિત પિતા દ્વારા પોલીસ વડાને રજુઆત કરવામાં આવી છે. કુંભારવાડામાં આવેલા રામદેવનગરમાં રહેતા હિંમતભાઈ વિઠ્ઠલભાઈ પરમાર નામના વ્યક્તિએ તેની આશાબેન નામની દિકરીના લગ્ન આજથી ત્રણ વર્ષ પહેલા આજ વિસ્તારમાં રહેતા રાજુભાઈ ભૂપતભાઈ કાંબડને ત્યાં કર્યા હતાં. ત્રણ વર્ષના લગ્ન ગાળા દરમિયાન તેની દિકરીને સારા દિવસો પણ રહ્યા હતાં. સીમંતનો પ્રસંગ પણ ઉજવ્યો હતો. સીમંતના પ્રસંગ બાદ આશાબેન ગૂમ થઈ જતા આ બન્ને પરિવાર ઉપર આફત ઉતરી આવી હતી. આ અંગે પોલીસને પણ જાણ કરવામાં આવી હોવા છતાં હજુ સુધી તેણીનો પત્તો લાગ્યો નથી. પરિવારજનોએ રાજુભાઈની બાજુમાં રહેતી કમુબેન નામની મહિલાએ આશાબેનનું અપહરણ કરી જઈ તેને અનૈતિક પ્રવૃત્તિના વ્યવસાયમાં ધકેલી દીધાનો આરોપ કરવામાં આવ્યો છે. આ મહિલાએ આશાબેનનો ગર્ભપાત કરાવી નાંખ્યો હોવાની ચોંકાવનારી રજુઆત કરવામાં આવી છે. આશાબેનના પિતા - સસરા, પતિ સહિતના પરિવારે આજે જિલ્લા પોલીસ વડા વી. ચંદ્રશેખરને મળીને કમુબેન તથા તેના પરિવાર દ્વારા ચલાવવામાં આવતા ગોરખ ધંધા અંગે ફરિયાદ કરવામાં આવી હતી. આફતગ્રસ્ત પરિવારે જણાવ્યું હતું કે, આ મહિલાએ અન્ય પણ કેટલીક યુવતિઓને ઉઠાવી જઈ અનૈતિક ધંધામાં જોડી દીધી છે. પોલીસ વડાને રજુઆત માટે આ વિસ્તારમાં રહેતા નગરસેવિકા ભાનુબેન ડાભી પણ સાથે રહ્યા હતાં. પોલીસ વડાએ યોગ્ય તપાસની ખાતરી આપી છે.

## માજીરાજ વાડીમાં સી.પી.એમ.ની પ્રદેશ કારોબારી બેઠક મળી

ભાવનગર, ગુરૂવાર

સી.પી.એમ. પ્રદેશ કારોબારીની બેઠક ભાવનગરમાં યોજવામાં આવી હતી. જેમાં વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. સી.પી.એમ. પ્રદેશ કારોબારીની બેઠક ભાવનગર ખાતે યોજવામાં આવી હતી જેમાં વિવિધ પ્રશ્નો તેમજ ભાવિ કાર્યક્રમ અંગે વિસ્તૃત ચર્ચા - વિચારણા કરવામાં આવી હતી. માજીરાજ ગેસ્ટ હાઉસમાં યોજવામાં આવેલી પ્રદેશ કારોબારીમાં ભડકે બળતા તેલના ભાવ, છુટક વેપારમાં વિદેશી મૂડી રોકાણની છુટ, સોહરાબુદ્દીન એન્કાઉન્ટર મામલો તેમજ અમિત શાહની ધરપકડ તથા આગામી કાર્યક્રમો અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં અરૂણભાઈ મહેતા, સુબોધભાઈ મહેતા, નલીનીબેન જાડેજા, ઉપરાંત રાજકોટ, અમદાવાદ, સાબરકાંઠા, જુનાગઢ, દાહોદ, ઉપલેટા સહિતના સ્થળોએથી પ્રદેશ હોદ્દેદારોએ ભાગ લીધો હતો.

**ભાવનગરના અરૂણ મહેતા સહિતના અન્ય શહેરના આગેવાનો વચ્ચે મોંઘવારી, સોહરાબુદ્દીન એન્કાઉન્ટ સહિતના મામલે ચર્ચા કરાયા બાદ ભાવ વધારાના મુદ્દે લડત ચાલુ રાખશે**

## શહેરના સ્વામિનારાયણ મંદિર અને હવેલીમાં આજથી હિંડોળાના દર્શનનો પ્રારંભ

ભાવનગર, ગુરૂવાર

સ્વામિનારાયણ અને વૈષ્નવ સંપ્રદાયમાં ભગવાનના હિંડોળા મહોત્સવનો આજથી પ્રારંભ થયો છે.

સ્વામિનારાયણ અને વૈષ્નવ સંપ્રદાયમાં ભગવાનને વિવિધ હિંડોળાના મનોરથનું આગવું મહત્વ છે. સ્વામિનારાયણ મંદિર અને હવેલીમાં આજથી ભગવાનને ફુલના હિંડોળા કરવામાં આવશે.

લોખંડ બજારમાં આવેલા ભગવાન સ્વામિનારાયણ મંદિરમાં આજે પ્રથમ દિવસે ભગવાનને ગુલાબના ફુલનો હિંડોળો કરવામાં આવ્યો હતો. શ્રાવણ મહિના સુધી શ્રી હરિને જુદા - જુદા ફુલના હિંડોળા કરવામાં આવશે.

શ્રાવણ મહિનામાં પણ ભગવાન શ્રી હરિને અલગ - અલગ પ્રકારના હિંડોળા કરવામાં આવશે. હરિભક્તોને દર્શનનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.